# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

******************************************************

1) બિહારના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ ગ્રહણ કરતાં ભાજપના સમ્રાટ ચૌધરી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્ણાટકના મંડ્યામાં શ્રીક્ષેત્ર ખાતે શ્રી ગુરુ ભૈરવૈક્ય મંદિરને દર્શન માટે ખુલ્યુ મુક્યું.

3) ફેમા કાયદા  હેઠળ આમ આદમી પાર્ટીના સાંસદ અશોક મિત્તલના કારોબારના પરિસરમાં EDના દરોડા.

4) ઈરાન - અમેરિકા અને ઇઝરાયલ વચ્ચેનાયુદ્ધથી ઉર્જા સંકટ ઉભું થવાની આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે ચેતવણી આપી.

5) ઇરાન અને અમેરિકા વચ્ચેની વાટાઘાટોની આશા વચ્ચે ભારતીય શેરબજારમાં તેજી.

6) આઇપીએલમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે બેંગલુરુમાં મૂકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# BIHAR NEW CM OATH

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા સમ્રાટ ચૌધરીએ બિહારના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. પટનાના લોકભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈને તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

## (BYTE- SAMRAT CHAUDHARY)

શ્રી ચૌધરી રાજ્યના ચોવીસમા મુખ્યમંત્રી બન્યા છે. તેઓ રાજ્યમાં ઉચ્ચ પદ સંભાળનારા પ્રથમ ભાજપ નેતા પણ છે.આ પ્રસંગે, જનતા દળ (યુ) ના વરિષ્ઠ નેતા અને સરાઈ રંજનના ધારાસભ્ય વિજય કુમાર ચૌધરી અને સુપૌલના ધારાસભ્ય બિજેન્દ્ર પ્રસાદ યાદવે પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. શ્રી ચૌધરી અને શ્રી યાદવ નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપશે.

આ સમારોહમાં જેડી(યુ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર, ભાજપના વરિષ્ઠ નેતા જે.પી. નડ્ડા, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન અને અન્ય અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.અન્ય કેબિનેટ મંત્રીઓની યાદી બાદમાં જાહેર કરાશે.

# PM KARNATAKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આપણા સમાજમાં સમયાંતરે એવા મહાન વ્યક્તિ આવતા રહે છે, જે માત્ર આધ્યાત્મિક માર્ગદર્શન સુધી મર્યાદિત નથી રહેતાં. તેમણે લોકોના સુખ-દુઃખને સમજ્યા, તેમના સંઘર્ષને અનુભવ્યો અને સમાજને દુઃખ, પીડા અને પડકારથી બહાર કાઢવાનો માર્ગ બતાવ્યો. કર્ણાટકના મંડ્યામાં શ્રીક્ષેત્ર આદિચુંચનગિરિ મઠ ખાતે ગુરુ ભૈરવૈક્ય મંદિરને દર્શન માટે ખુલ્લું મુકતા શ્રી મોદીએ આ વાત કહી.

આપણે બધાએ પાણી બચાવવું અને તેનું યોગ્ય વ્યવસ્થાપનનો સંકલ્પ લેવો જોઈએ એ તેમનો પહેલો આગ્રહ હોવાનું પણ શ્રી મોદીએ જણાવ્યું.

## (BYTE : NARENDRA MODI, PRIME MINISTER)

શ્રી મોદીએ ભારતને હજારો વર્ષોથી ચાલતી આવતી એક જીવંત સભ્યતા ગણાવતા કહ્યું, વિશ્વમાં ઘણા ઓછા એવા ઉદાહરણ મળે છે, જ્યાં પરંપરાઓ આટલા લાંબા સમય સુધી નિરંતર જળવાઈ રહે છે.

# ED- SEARCHES LPU

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (FEMA) હેઠળ આમ આદમી પાર્ટીના સાંસદ અશોક મિત્તલના કારોબારના પરિસરમાં દરોડા પાડી રહ્યું છે. EDના સૂત્રોએ જણાવ્યું હતું કે આ સર્ચ ઓપરેશન લવલી યુનિવર્સિટી ગ્રુપ સાથે સંકળાયેલી સંસ્થાઓની વ્યાપક તપાસનો એક ભાગ છે.

સૂત્રએ નોંધ્યું હતું કે આ કાર્યવાહીના ભાગ રૂપે જલંધર અને ગુડગાંવમાં કુલ 10 સ્થળોને આવરી લેવામાં આવી રહ્યા છે. આમાં જાલંધરમાં લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી અને ગુડગાંવમાં ટેટર કોલેજ ઓફ બિઝનેસ અને માસ્ટર્સ યુનિયન કોલેજ ઓફ બિઝનેસનો સમાવેશ થાય છે.

# DAY PUNJAB-ACCIDENT

પંજાબમાં, મોડી રાત્રે થયેલા બસ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને 8 થયો છે અન્ય 20 જેટલા લોકો ઘાયલ થયા છે. બસ એક ધાર્મિક સ્થળની સમુદાય સેવા બસ હતી જેમાં લગભગ 40 લોકો સવાર હતા અને તેને ગુરુદ્વારાના ગ્રંથી ઇકબાલ સિંહ ચલાવી રહ્યા હતા, તેમનું પણ આ ઘટનામાં મૃત્યુ થયું હતું.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે દુર્ઘટનાગ્રસ્ત સમુદાય બસના ભોગ બનેલા લોકો વૈશાખીના તહેવાર પર શ્રી આનંદપુર સાહિબમાં પૂજા કર્યા પછી ઘરે પરત ફરી રહ્યા હતા. તેમાંથી પાંચ લોકો પંજાબના ફતેહગઢ સાહિબ જિલ્લાના ઐતિહાસિક શહેર બસ્સી પઠાણાના મૈન માજરી ગામના છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી. પંજાબના રાજ્યપાલ ગુલાબ ચંદ કટારિયાએ પણ મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે.

# US-IRAN TALKS

અમેરિકાએ સંકેત આપ્યો કે તે આગામી થોડા દિવસોમાં ઈરાન સાથે શાંતિ વાટાઘાટો ફરી શરૂ કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે આગામી બે દિવસમાં પાકિસ્તાનમાં વાટાઘાટો ફરી શરૂ થઈ શકે છે.

વાટાઘાટોનો મુખ્ય ઉદ્દેશ બે અઠવાડિયાના યુદ્ધવિરામને લંબાવવાનું છે, જે 21 એપ્રિલે સમાપ્ત થઈ રહ્યો છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને બંને દેશો વચ્ચે મતભેદો ચાલુ છે. અમેરિકા ઈરાનના પરમાણુ સંવર્ધનનો અંત ઇચ્છે છે, જ્યારે ઈરાન પ્રતિબંધોમાં રાહત અને યુદ્ધના નુકસાન માટે વળતર ઇચ્છે છે.

દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની યજમાનીમાં લેબનોન અને ઇઝરાયલે મંગળવારે વોશિંગ્ટનમાં પ્રારંભિક સીધી વાટાઘાટો કરી હતી, આ બેઠક 1980ના દાયકાની શરૂઆત બાદ બંને દેશો વચ્ચેની પ્રથમ સીધી રાજદ્વારી વાતચીત છે.

અહેવાલો અનુસાર, વાટાઘાટો સુરક્ષા અને નાગરિક મુદ્દાઓ પર કેન્દ્રિત હતી. વાટાઘાટોમાં ઇઝરાયલી લશ્કરી પ્રવૃત્તિ અને વિવાદિત વિસ્તારોમાંથી લેબનોનને પાછા ખેંચવાની માંગનો સમાવેશ થયો હતો. ઇઝરાયલે કરારમાં હિઝબુલ્લાહના લશ્કરની ઉપસ્થિતિ પર પણ ધ્યાન આપવા ભાર મૂક્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# US - TARIFF REFUND SYSTEM

અમેરિકા વહીવટીતંત્ર આ મહિનાની 20 તારીખે ટેરિફ રિફંડ સિસ્ટમ શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે ..જેના દ્વારા યુએસ આયાતકારોને લગભગ 166 અબજ યુએસ ડોલર પરત કરશે. આ ટેરિફ અગાઉ ફેબ્રુઆરીમાં યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યો હતો.

ગઈકાલે કોર્ટ ફાઇલિંગમાં યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શને જણાવ્યું હતું કે, તેણે CAPE નામની સિસ્ટમ વિકસાવી છે, જેના દ્વારા વારાફરતી ઇલેક્ટ્રોનિકની પધ્ધતિથી રિફંડની ચુકવણી કરાશે.જેમાં કેટલાકં કિસ્સામાં વ્યાજ પણ ચૂકવાશે.. અત્યાર સુધીમાં, 56,000 થી વધુ આયાતકારોએ કુલ 127 અબજ યુએસ ડોલરના રિફંડ માટે નોંધણી કરાવી છે.

# IMF - WARNING

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ ચેતવણી આપી છે કે ઈરાન - અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી ઉર્જા સંકટ ઉભું થઈ શકે છે અને વૈશ્વિક અર્થતંત્રમાં ગંભીર મંદી આવી શકે છે. ઉપરાંત હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી અથવા ઉર્જા માળખાને નુકસાન થવાથી વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠા પર પણ ગંભીર અસર પડી શકે છે.

અહેવાલમાં વિવિધ પરિણામોની આગાહી કરવામાં આવી છે. શ્રેષ્ઠ સ્થિતિમાં પણ, જો યુદ્ધ ઝડપથી સમાપ્ત થાય અને ઉર્જા બજારો વર્ષના મધ્ય સુધીમાં સ્થિર થાય, તો 2026 માં વૈશ્વિક વૃદ્ધિ થોડી ધીમી પડીને લગભગ 3.1 ટકા થઈ જશે. ફુગાવો ઊંચો રહેશે.

સૌથી ખરાબ સ્થિતિમાં, અસર ઘણી વધુ ગંભીર છે. જો તેલના ભાવ પ્રતિ બેરલ 100 અમેરિકી ડોલરની આસપાસ રહે છે, તો વૈશ્વિક વૃદ્ધિ 2.5 ટકા સુધી ઘટી શકે છે.

સૌથી આત્યંતિક પરિસ્થિતિમાં, જો આ વર્ષે તેલના ભાવ પ્રતિ બેરલ 110 અમેરિકી ડોલર અને આવતા વર્ષે પ્રતિ બેરલ 125 અમેરિકી ડોલર સુધી વધે છે, તો વૈશ્વિક વૃદ્ધિ 2 ટકા સુધી ઘટી શકે છે, જે વૈશ્વિક મંદીની નજીક છે, જ્યારે ફુગાવો લગભગ 6 ટકા સુધી વધશે.

IMFએ સરકારને મોટા પાયે, બિનઆયોજિત ખર્ચ સામે ચેતવણી પણ આપી હતી અને કહ્યું હતું કે ફુગાવો ઊંચો રહે છે અને જાહેર દેવું પહેલેથી જ ઊંચું છે તેથી સહાય કામચલાઉ અને લક્ષ્યાંકિત હોવી જોઈએ.

# STOCKS 1200

ભારતીય શેર બજારમાં આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો દોઢ ટકાના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા, જે સકારાત્મક વૈશ્વિક સંકેતોને ટેકો આપે છે. છેલ્લા અહેવાલો અનુસાર સેન્સેક્સ 1200 કરતાં વધુ અને નિફ્ટી 350 કરતાં વધુ અંક ઉછળ્યો હતો. સર્વિસિસ, ઇન્ડસ્ટ્રિયલ્સ અને પાવર શેરોમાં તેજી જોવા મળી હતી.

# LEBANON, ISRAEL TALKS

એક મહત્વપૂર્ણ રાજદ્વારી ઘટનાક્રમમાં, લેબનોન અને ઇઝરાયલે ઈરાન સમર્થિત આતંકવાદી જૂથ હિઝબુલ્લાહ સાથેના અઠવાડિયાના સંઘર્ષ પછી વોશિંગ્ટન, ડી.સી.માં દાયકાઓ પછી પ્રથમ સીધી વાટાઘાટો કરી છે. બે કલાક ચાલેલી આ બેઠકનું આયોજન યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ તેને "ઐતિહાસિક ગણાવી હતી, આ વાટાઘાટોની તાત્કાલિક સફળતાની શક્યતા ઓછી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો..

એક નિવેદનમાં, અમેરિકાએ કહ્યું કે ચર્ચાઓ સકારાત્મક હતી અને બંને પક્ષો વચ્ચે ઔપચારિક વાટાઘાટો શરૂ કરવા પર કેન્દ્રિત હતી. તેમણે ભાર મૂક્યો હતો કે બંને વચ્ચેનો સંઘર્ષ અમેરિકાની મધ્યસ્થીતી થવો જરૂરી છે. અમેરિકામાં ઇઝરાયલના રાજદૂતે વાટાઘાટોનું સ્વાગત કર્યું, લેબનોનના પ્રતિનિધિએ યુદ્ધવિરામ, વિસ્થાપિત નાગરિકોને પરત લાવવા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ માટે આદરની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો.

# IPL

IPL ક્રિકેટમાં, આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો મુકાબલો લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે. આ મેચ બેંગ્લુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે રાત્રે ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને 32 રનથી હરાવ્યું.